# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

''સંહતિ'', છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2026-27/65 Dt. 14/08/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ચેમ્બરની લેડીઝ વિંગ દ્વારા ‘સ્વતંત્રતા’ થીમ પર વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

## સરસાણા સ્થિત 'સંહતિ' ખાતે ધોરણ 5થી 8 અને 9થી 12ના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો

## વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, આત્મવિશ્વાસ અને વિચારશીલતાનું સિંચન કરવાનો ચેમ્બરનો પ્રયાસ: પ્રમુખ અશોક જીરાવાલા

## જીત કે હાર કરતાં પણ મંચ પર આવીને વિચારો વ્યક્ત કરવાનો આત્મવિશ્વાસ વધુ મહત્વનો: અશોક જીરાવાલા

સુરત, 14 ઓગસ્ટ 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ની લેડીઝ વિંગ દ્વારા શુક્રવાર, તા. 14 ઓગસ્ટ 2026ના રોજ સવારે સરસાણા સ્થિત 'સંહતિ' બિલ્ડિંગ ખાતે 79મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે શાળાના વિદ્યાર્થીઓ માટે ‘સ્વતંત્રતા’ થીમ પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધોરણ 5થી 8 (પ્રાથમિક વિભાગ) અને ધોરણ 9થી 12 (માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક વિભાગ)ના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના અને અભિવ્યક્તિ ખીલવવાનો ઉદ્દેશ્ય: અશોક જીરાવાલા

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, “લેડીઝ વિંગ દ્વારા આયોજિત આ વક્તૃત્વ સ્પર્ધા વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, રાષ્ટ્રભાવના, આત્મવિશ્વાસ અને વિચારોને

અસરકારક રીતે રજૂ કરવાની ક્ષમતા વિકસાવવાનો સાર્થક પ્રયાસ છે. જીવનમાં હાર કે જીત કરતાં પણ મંચ પર ઊભા રહીને હિંમતપૂર્વક પોતાના વિચારો વ્યક્ત કરવાનો આત્મવિશ્વાસ કેળવવો એ વધુ મહત્વનું છે."

સ્પર્ધા દરમિયાન વિદ્યાર્થીઓની રજૂઆત, વિષયની ઊંડી સમજ, વક્તવ્યની અસરકારકતા, બોડી લેંગ્વેજ, ભાષા શુદ્ધિ અને અભિવ્યક્તિ સહિતના વિવિધ પાસાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જ્યુરી તરીકે ડો. ચેતા દેસાઇ, સુશ્રી પિંકલ દેસાઇ અને સુશ્રી જ્યોતિ ડોરા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે લેડીઝ વિંગનાં ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસીએ સ્પર્ધાના નિયમો અને કાર્યક્રમની રૂપરેખા આપી હતી. પૂર્વ ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલા તેમજ સભ્યો સુશ્રી યુતિ દેસાઈ અને સુશ્રી નેહા જરીવાલાએ જ્યુરીનો પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિંગનાં સભ્ય શ્રીમતી સીમા માખણિયાએ કર્યું હતું, જ્યારે લેડીઝ વિંગનાં માનદ્ મંત્રી શ્રીમતી દમયંતી વાણાવાલાએ અંતમાં આભાર વિધિ આટોપી હતી.